ગાંધીનગર સમાચાર

કાળઝાળ ગરમીમાં પુષ્કળ પાણી પીવાથી 'લુ' થી બચી શકાય છે

# શહેરમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર

## દિવસે આકરી લુ ફૂંકાતા નગરજનો શેકાયા : ગરમીના તીખા તેવરે નગરને બાનમાં લીધુ : દિવસના આકરા તાપ અન લુના લીધે નગરજનો બેબાકળા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં આક્રમક ગરમીએ નગરજનોને બાનમાં લીધા છે. સમગ્ર રાજયમાં કાતિલ ગરમીના લીધે હોટવેવથી બચવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. ત્યારે પાટનગરમાં પણ ગરમી પ્રકોપથી જનજીવન બેચેન બની ગયુ છે. ગરમીનો પારો છેલ્લા ચાર દિવસથી ૪૩ ડીગ્રીને પાર રહેતા સતત આકરા તાપથી મોડીરાત સુધી હોટવેવની અસર વર્તાય છે. આજે પણ ગરમીનો પારો ૪૩.૨ ડી ગ્રીએ રહયો હતો. મહત્તમ તાપમાનમાં ૦.૪ ડી ગ્રીનો નહીંવત ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીની અસર જનજીવન પર જોવા મળી હતી.

શહેરમાં ગરમી પ્રકોપના લીધે નગરજનો બેબાકળા બની ગયા છે. સતત આકરી ગરમીનુ મોજુ ફરિ વળતા ગરમીએ નગરજનોને બાનમાં લીધા છે. દિવસ દરમિયાન ગરમીની અસરથી નગરના માર્ગો પર પણ કોઈ ખાસ ચહલ પહલ જોવા મળતી નથી. જયારે છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ૪૩ ડી ગ્રીને પાર રહેતા સિઝનની મહત્તમ ગરમીએ તીખા તેવરનો પરચો આપી દિધો છે. ગરમી પ્રકોપથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. જયારે ગરમીથી બચવા માટે કપડામાં લપેટાયેલા જોવા મળે છે. ગરમીમાં રક્ષણ મેળવવા માટે લીંબુ શરબત તેમજ છાશ

● અનુસંધાન પાન-૭ ૫

# શહેરને સ્વચ્છ બનાવવા મેયરની તંત્રને તાકિદ

## બાંધકામની મંજૂરી મનપામાંથી ના લીધી હોય અને ડેબ્રીજ ના હટાવી હોય તો તે દૂર કરી આવુ કરનારને બિલ મોકલો : મેયર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મનપાની મંજૂરી વગર બાંધકામની પ્રવૃત્તિથી પડેલી ડેબ્રીજને ઉઠાવી લઈ બાંધકામ કરનારને બિલ પાઠવવાના આદેશો આજે મેયરશ્રી પ્રવિણ પટેલે કર્યા છે.

મહાનગરપાલિકાના મેયર તરીકેનો હોદ્દો સંભાળતાં જ શહેરને સ્વચ્છ બનાવવાને અગ્રતા આપવાના સંકેતો આપ્યા બાદ આજે મેયર શહેરમાં ડેપ્યુટી મ્યુનિ. કમિશિનર અને સેનીટેશન સુપ્રિ.ને સાથે લઈ નીકળ્યા હતા.

તેમણે આજે સે. ૨૧, ૨૨, ૨૯, ૩૦, જીઈબી તથા બોરીજ સમાવિષ્ટ છે તેવી વોર્ડ કચેરી-૧ની મુલાકાત લઈ અને સફાઈ કામદારોની હાજરીની સમીક્ષા કરી હતી. શ્રી પટેલે અત્યારે વોર્ડ કચેરીઓની કામગીરી માટે નવા સીમાંકન પ્રમાણે પુનઃ ગઠન કરી અને સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવાની સૂચના આપી હતી.

તેમણે સેક્ટરોની આંતરિક સફાઈ પણ નિયમિત રીતે થાય તે જોવા અધિકારીઓને આગ્રહ કર્યો હતો. સેક્ટરોના અંદરના ભાગે ઉભા થયેલા દબાણો દૂર થાય તેમજ અન્ય પ્રશ્નો પર પણ ધ્યાન કેન્દ્રીત કરવા સૂચન કર્યું હતું.

સેક્ટર-૨૦માં શૌચાલયની સુવિધા સત્વરે ઉભી થાય તે માટે માર્ગ-મકાન વિભાગ સાથે પરામર્શમાં રહી ઝડપથી કાર્યવાહી કરવા પણ તેમણે સૂચવ્યું હતું.

સેક્ટર-૨૦-૨૧માં આંતરિક માર્ગોનું રિસરફેસીંગ થાય તેમજ જ્યાં

● અનુસંધાન પાન-૭ ૫



## પાટનગર ટેકનોલીજીયુક્ત સીસીટીવી કેમેરાથી સજ્જ

# શહેરમાં રીઢા ગુનેગારો જેવા પ્રવેશ કરશે તેવી પોલીસને ખબર પડી જશે...!

## કેમેરા ગુનેગારનું ફેસરીડીંગ કરી પોલીસને એલર્ટ મેસેજ આપશે : ચોરીના વાહનો પણ શહેરમાંથી નીકળશે એટલે પોલીસને મેસેજ મળી જશે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અંતર્ગત ૨૧૦ સીસીટીવી કેમેરા લગાડી શહેરને સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવાયું છે. આ કેમેરા પૈકી કેટલાક ટેકનોલોજીયુક્ત એવા સીસીટીવી કેમેરા છે જે રીઢા ગુનેગારો અને ચોરીના વાહનોને આપોઆપ શોધી કાઢશે અને પોલીસને એલર્ટ કરી દેશે..! આ સીસીટીવી કેમેરાને લગાડવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ગરમીના દિવશોમાં આ કામગીરી પૂર્ણ થશે. સીસીટીવીનું સર્વેલન્સ અને મોનીટરીંગ ગાંધીનગર એસ.પી. ઓફીસ ખાતે તૈયાર કરાયેલા સર્વેલન્સ રૂમમાંથી થશે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત પાટનગર ગાંધીનગરને સીસીટીવી કેમેરાથી એવી રીતે સજ્જ કરવામાં આવી રહ્યું છે કે શહેરના ખુણે-ખુણાની હીલચાલ કેમેરામાં કેદ થઈ શકે..! ૨૧૦ કેમેરા પૈકી એવા પણ કેટલાક કેમેરા લગાડવામાં આવી રહ્યા છે જે અત્યંત આધુનીક ટેકનોલોજી ધરાવે છે. શહેરના પ્રવેશદ્વારો પર તથા મુખ્ય માર્ગો પર મોટી ફ્રેમ તૈયાર કરીને ઉભા કરવામાં આવેલા સીસીટીવી પ્રોજેક્ટ પર સ્પીડ ડીટેક્શન કેમેરા લગાડવામાં આવ્યા છે. જે અવર-જવર કરતા વાહનોની ગતિ પર નજર રાખશે. તે ઉપરાંત એપીઆર કેમેરા પણ લગાડવામાં આવી રહ્યા છે. ઓટોમેટીક પ્લેટ રેકગનાઈઝેશન કેમેરા અત્યંત આધુનીક કેમેરા છે. ત્યાંથી પસાર થતા વાહનોની નંબર પ્લેટ ઓટોમેટીક રીડ કરતા આ કેમેરા સોફ્ટવેરની મદદથી ચોરીના વાહનો ઓળખી બતાવશે. ચોરીના વાહનોના નંબર્સનો ડેટા કોમ્પ્યુટરમાં ફીટ થયેલો હશે તે પૈકી એક પણ વાહન ત્યાંથી પસાર થશે એટલે ઓટોમેટીક નંબર પ્લેટનો ફોટો ખેંચી કેમેરો પોલીસને ચોરીના વાહન હોવાની એલર્ટ આપી દેશે. જેથી પોલીસ સરળતાથી વાહનચોરો સુધી પહોંચી સકશે. તે ઉપરાંત ફેસ રીડીંગ પણ કેમેરા કરશે. કોમ્પ્યુટરમાં રીઢા ગુનેગારોના ડેટા સેટ થયેલા હશે તે પૈકી કોઈપણ ગુનેગાર શહેરમાંથી પસાર થશે તો ફેસ રીડીંગ કરીને કેમેરા જ પોલીસને ગુનેગાર શહેરમાં પ્રવેશ્યા હોવાની એલર્ટ આપી દેશે. જેનાથી પોલીસ તેની પર વોચ રાખી તમામ ગતિવીધી પર દેખરેખ રાખશે અને સહેલાઈથી ગુનેગારને પણ ટેકનોલોજીની મદદ લઈ પકડી પાડશે. કેમેરા લગાડવાની કામગીરી ગણતરીના દિવસોમાં પૂર્ણ થઈ જશે અને ત્યાર બાદ એસ.પી. કચેરીથી જ તેનું સતત મોનીટરીંગ તથા સર્વેલન્સ કરવામાં આવશે તેમ ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે.

**અંતરના અભિનંદન**



**શ્રીમતી હર્ષાબા જીલુભા ધાધલ**

સ્ટેન્ડીંગ કમિટી સભ્યશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં આપ કોર્પોરેટર તરીકે વિજેતા થવા બદલ તથા સ્ટેન્ડીંગ કમિટિમાં આપની સભ્ય તરીકે નિમણુંકથી અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ...

શુભેચ્છકો

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ

જુનિયર સિટિઝન કાઉન્સીલ

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર

સ્વજન ગૃહ (મફત અન્નક્ષેત્ર)

કૈલાસધામ વૃદ્ધાશ્રમ

# કાળઝાળ ગરમીમાં પુષ્કળ પાણી પીવાથી 'લુ' થી બચી શકાય છે

ગાંધીનગર, તા.૧૨

છેલ્લા કેટલાય દિવસોથી શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. સમગ્ર ગુજરાતનું સૌથી વધુ તાપમાન ગાંધીનગરમાં નોંધાયું છે. આકરી ગરમીમાં લુ લાગવાની શકયતાઓ વધી જાય છે અને મોત પણ થઈ શકે છે ત્યારે લુથી બચવા માટે દિવસ દરમિયાન ૮ થી ૧૦ લીટર જેટલું પાણી પીવું જોઈએ અને ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ.

ઉનાળામાં મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિગ્રીથી વધી જાય ત્યારે લુ લાગવાનો ભય સૌથી વધુ રહે છે. દિવસ દરમિયાન જો ભયંકર ગરમીમાં માથુ દુઃખે, પગની પિંડીઓમાં દુખાવો થાય, તાવ આવે, ઉલ્ટી ઉબકા આવે કે ચકકર આવે તો લુની અસર થઈ છે તેમ કહી શકાય. આકરા તાપમાં લુ ન લાગે તે માટે હીટવેવની ચેતવણી જાહેર કરી હોય તે દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળવું. ખાસ કરીને સવારે ૧૦ થી સાંજે ૫ દરમિયાન ઘરમાં રહેવું હિતાવહ છે. સુર્યના સીધા તડકાથી બચવું. જો ઘરની બહાર નીકળવું પડે તેમ હોય તો આખું શરીર અને માથુ ઢંકાઈ રહે તે રીતે સફેદ-સુતરાઉ કપડાં પહેરવા, ટોપી, ચશ્મા અને છત્રીનો ઉપયોગ કરવો દિવસ દરમિયાન પુષ્કળ પાણી પીવું જોઈએ. લીંબુ શરબત, મોળી છાશ, નારીયેળનું પાણી, ખાંડ-મીઠાનું દ્રાવણ વગેરે પણ પી શકાય, ગરમીમાં બહારથી ઘરે આવ્યા બાદ શરીરનું તાપમાન નીચું આવે ત્યારે જ નહાવું જોઈએ. ઘરમાં શકય હોય તેટલી ઠંડક જાળવી રાખવી જોઈએ.



(તસવીર : કશ્યપ નિમાવત)

બેચેની જેવું લાગે, ચકકર આવે કે શરીરનું તાપમાન ઉંચું જણાય તો તુરંત જ તબીબી સલાહ લેવી જોઈએ. ખુલ્લામાં રહેતા કે મહેનત મજુરીનું કામ કરતા શ્રમિકોએ બપોરના સમયે ખાસ કાળજી લેવી જોઈએ. બાળકો, વૃધ્ધો અને મહિલાઓએ તો દિવસ દરમિયાન બહાર નીકળવું જ ન જોઈએ.

# વસતી વૃદ્ધિને પગલે તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું પુનઃ ગઠન કરવામાં આવશે

## જિલ્લા આરોગ્ય સમિતિએ કરેલો મહત્વનો નિર્ણય : ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં વસ્તીવૃદ્ધિ થતાં ઉભી થયેલી વિસંગતતા દૂર કરી પુનઃ ગઠન માટે સરકારનો દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઉભી થયેલી વસ્તીની વિસંગતતાને લઈ તેના પુનઃ ગઠન માટે રાજ્ય સરકારને ભલામણ કરવાનો મહત્વનો નિર્ણય આજે મળેલ જિલ્લા આરોગ્ય સમિતિએ લીધો છે.

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારોમાં થયેલા વિકાસને કારણે સુઘડ, અડાલજ સહિતના પ્રા.આ. કેન્દ્રોના કાર્યભારણમાં વધારો થવા પામ્યો છે. આ વસ્તી વૃદ્ધિને ધ્યાને રાખી ગાંધીનગર તાલુકામાં પ્રા.આ.કેન્દ્રોના પુનઃ ગઠનની જરૂરિયાત ઉભી થવા પામી છે. આ બાબતે આજની બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થવા પામી હતી.

વસ્તીવૃદ્ધિને લઈ ઉભી થયેલી વિસંગતતાને ધ્યાને રાખી પુનઃ ગઠનના વિકલ્પને વિચારવા અને તે માટે મુખ્ય આરોગ્ય અધિકારી તેમજ અન્ય અધિકારીઓ પદાધિકારીઓ સાથે પરામર્શ કરી અહેવાલ અને તારણો સાથેની દરખાસ્ત તૈયાર કરી સરકારને મોકલવામાં આવે તેવું ચર્ચાને અંતે નક્કી કરાયું હતું.

શ્રીમતિ આશાબા રાઠોડના અધ્યક્ષપદે સમિતિની રચના બાદ મળેલ બેઠકમાં ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામે પાણીજન્ય રોગચાળાની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં નિયમિત ક્લોરીનેશન થાય તે માટે સમિતિના સભ્યોએ આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત જે મોટા ગ્રામ્ય વિસ્તારો છે તેમાં લીકવીડ ક્લોરીનેશન પ્લાન્ટ ફીટ કરાય તે માટે પંચાયતોના સરપંચોને પત્ર લખી જાણ કરવામાં આવે તેવી લાગણી પણ સભ્યોએ વ્યક્ત કરી હતી.

આજની બેઠકમાં ૩૧મી મેના રોજ વિશ્વ તમાકુ વિરોધી ડે ની ઉજવણીને ધ્યાને રાખી કેન્સર જેવા રોગચાળાને લઈ જનજાગૃતિ અભિયાન છેડવાની વ્યૂહરચના પણ આખરી કરવામાં આવી હતી.

તમાકુ વિરોધી જ નહિ પણ વ્યસન મુક્તિનું આખુ અભિયાન છેડાય તે પ્રમાણે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી લાગણી સભ્યોએ વ્યક્ત કરી હતી.

કેન્સર સામેની ઝુંબેશમાં શાળાના બાળકોને સંદેશાવાહક બનાવી તમાકુના સેવનથી થતા આરોગ્યના નુકશાન સામે ઝુંબેશ ચલાવવામાં આવશે તેવો નિર્ણય આ બેઠકમાં લેવાયો હતો. તેમજ જુદા જુદા વિસ્તારોમાં કેન્સરના દર્દીઓને શોધી કાઢવા માટે આરોગ્ય મેળાઓ યોજવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## ગાંધીનગર મહાનગરપાલિકા

Website : wwww.gmc-egovern.org.in

### જાહેર વિજ્ઞપ્તી

**ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ અને ૬ને ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુક્ત જાહેર કરવા બાબત.**

**વાંધા/સુચનો મંગાવવા બાબત**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને સ્વચ્છ બનાવવા ગાંધીનગર શહેરના તમામ નાગરિકો કટિબદ્ધ છે અને આપના સક્રિય સહયોગથી ગાંધીનગર શહેરને સ્વચ્છતામાં સમગ્ર દેશમાં અગાઉના ૨૩૧માં ક્રમેથી ૪૨મો ક્રમ પ્રાપ્ત થયેલ છે. સ્વચ્છતા સ્પર્ધામાં પણ સહેરના તમામ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે. શહેરની સ્વચ્છતા તેમજ આરોગ્ય વિષયક બાબતે ધ્યાને લેતાં, શહેરના વિવિધ વિસ્તારોને તબક્કાવાર ખુલ્લામાં શૌચની ક્રિયા મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર કરવાનું આયોજન છે.

આ સંબંધે ગાંધીનગર મહાનગરપિલાક દ્વારા વિવિધ વિસ્તારોમાં કુલ ૫૪૯૩ વ્યક્તિગત શૌચાલયો બનાવેલ છે. તથા કુલ ૧૬ કોમ્યુનિટી અને પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવામાં આવેલા છે. તે ઉપરાંત ૮ સ્થળો જાહેર શૌચાલયો માટે આઈડેન્ટીફાય કરેલ છે. તેમજ નવીન ૨૩૭ વ્યક્તિ શૌચાલયો બનાવવાનું કામ હાથ ઉપર છે. આ સુવિધાનો ઉપયોગ નહીં કરતા નાગરિકો માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ જનજાગૃતિ (ઈઝ છઝ્ઝૈ઼ૈંરૂ) કરવામાં આવે છે. જેમાં હોર્ડીંગ / બેનર / પેમ્ફલેટ / બોર્ડ / પ્લે કાર્ડ / ૫૫ટે શૉ / સ્પર્ધા / નાટકો જેવી કાર્યવાહી પણ કરવામાં આવે છે. થયેલ સુવિધા તેમજ કાર્યવાહીને ધ્યાને લેતાં, આગામી દિવસોમાં પ્રથમ તબક્કે શહેરના ઈલેક્શન વૉર્ડ નં. ૩ અને ૬ના સેક્ટર-૧૯, ૨૦, ૨૧, ૩૦, ૧૦ તથા સેક્ટર-૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૮ તથા ધોળાકુવા વિસ્તારોને ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર કરવાનું આયોજન છે. આ અંગે જે પણ નાગરિકોના વાંધા / સુચના આપવા માંગતા હોય તેઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી વધુમાં વધુ દિન-૧૫ (પંદર)માં મ્યુનિસિપલ સેક્રેટરીશ્રીની કચેરી, ગાંધીનગર મહાનગરપાલિકાના સરનામે રજૂ કરવાનો રહેશે. ખુલ્લામાં શૌચની ક્રિયા જાહેર આરોગ્યને નુકસાન કર્તા હોઈ તે અંગે પેનલ્ટી પણ થઈ શકે છે. તેથી આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ સુચિત-૨ વૉર્ડને 'ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર કરવા સહકાર આપવા વિનંતી છે. તેમજ આ અંગે આપના રચનાતામક સુચનો મોકલી આપવા વિનંતી છે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

સહી/-
મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા

માહિતી/૩૫૨/૨૦૧૬-૧૭

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com